# India’s Fourth Universal Periodic Review in Geneva

## 09 November, 2022

# જીનેવામાં ભારતની ચોથી વૈશ્વિક સામયિક સમીક્ષા

09 નવેમ્બર, 2022

જીનેવામાં સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકારોની પરિષદ (UNHRC) ખાતે 7-18 નવેમ્બર 2022 નાં રોજ વૈશ્વિક સામયિક સમીક્ષા (UPR) કાર્યકારી જૂથનું 41મું સત્ર યોજવામાં આવી રહ્યું છે. આ સત્ર દરમિયાન, 10 નવેમ્બર 2022 નાં રોજ 4થા UPR ચક્ર માટેનો ભારતનાં રાષ્ટ્રિય અહેવાલની સમીક્ષા કરવામાં આવશે.

2. ભારતનાં સોલિસિટર જનરલ શ્રી તુષાર મહેતા ભારતીય પ્રતિનિધિ મંડળની આગેવાની કરી રહ્યા છે જેમાં સચિવ (પશ્ચિમ) શ્રી સંજય વર્મા, ભારતનાં કાયમી પ્રતિનિધિ શ્રી ઇન્દ્ર મણી પાંડે, ભારતનાં અધિક સોલિસિટર જનરલ શ્રી કે. એમ. નટરાજ અને વિદેશ મંત્રાલય, ગૃહ મંત્રાલય, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, સામાજીક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય, લઘુમતિની બાબતોનાં મંત્રાલય, ગ્રામિણ વિકાસ મંત્રાલય અને નીતિ આયોગનાં વરિષ્ઠ અધિકારીઓ અને નેશનલ લો યુનિવર્સિટી, દિલ્હીનાં કુલપતિનો સમાવેશ થાય છે.

3. માનવ અધિકારોનાં વૈશ્વિક પ્રચાર અને રક્ષણમાં ભારત સક્રિય ભૂમિકા ભજવે છે. આપણા સાંસ્કૃતિક મૂલ્ય ‘વસુધૈવ કુટુંબકમ’ અથવા "વિશ્વ એક પરિવાર છે” દ્વારા પ્રેરિત થઈને સમગ્ર માનવતાની સુખાકારી માટેની આપણી પ્રબળ કટિબદ્ધતા પાયો પ્રદાન કરે છે જેનાં પર માનવ અધિકારો માટેનું આપણું બંધારણીય અને કાનૂની માળખુ બનાવવામાં આવ્યું છે.

4. વૈશ્વિક સ્તર પર માનવ અધિકારોનો પ્રચાર અને રક્ષણ કરવા માટે ભારત UNHRC નાં સભ્યો અને અન્ય સહ સંયુક્ત રાષ્ટ્ર સભ્ય રાષ્ટ્રો સાથે રચનાત્મક રીતે સામેલગીરી ધરાવે છે. અમે વિવિધ હિતધારકોમાં સંવાદ, સામેલગીરી અને સહકાર પર ભાર મૂક્યો છે. અમે રાષ્ટ્રોની તેઓનાં માનવ અધિકારોની જવાબદારીઓની પ્રાથમિકતા પર ભાર મૂક્યો છે. અમે પરિષદનાં એજન્ડા પર રહેલા વિવિધ મુદ્દાઓ પર પરિષદમાં સર્વસંમતિનું નિર્માણ કરવાનો પ્રયાસ કર્યો છે અને અમે રચનાત્મક રીતે પરિષદમાં વિચારણાઓ કરવામાં ભાગ લીધો છે.

5. UPR એક એવી અગત્યની યંત્રણા છે જેને ભારત સંપૂર્ણ રીતે સમર્થન આપે છે. તે માનવ અધિકાર પરિષદની અનન્ય સૂક્ષ્મ સમીક્ષા પ્રક્રિયા છે જેની હેઠળ સંયુક્ત રાષ્ટ્રનાં સભ્ય રાષ્ટ્રો સહ સભ્ય રાષ્ટ્રોની માનવ અધિકારોની કામગીરીની સમીક્ષા કરે છે. તેનાં સાર્વત્રિક લક્ષણ, સમાવેશક અને પરામર્શક અભિગમ, અને સભ્ય રાષ્ટ્રોમાં તે સંવાદ અને સહકાર પર અગત્યતા મૂકે છે તેનાં કારણે તે સફળ માનવ અધિકારોની યંત્રણા પૈકી એક તરીકે ઉભરી આવી છે. UPR યંત્રણા તેઓની માનવ અધિકારોની જવાબદારીઓ ગ્રહક કરી અને પૂર્ણ કરવાની કેન્દ્રિયતાનો અમલ પણ કરે છે. ભારત દ્વારા અન્ય રાષ્ટ્રોની સમીક્ષામાં સક્રિય રીતે ભાગ

લેવામાં આવ્યો છે અને તેનાં બદલામાં અમે 131 સભ્ય રાષ્ટ્રોનું સ્વાગત કરીએ છીએ જેઓએ આપણી સૂક્ષ્મ સમીક્ષામાં સામેલ થવા માટે નોંધણી કરાવી છે. સમીક્ષા હેઠળનાં રાષ્ટ્રોએ સમર્થન આપીને અથવા તેઓની નોંધ લઈને પ્રાપ્ત થયેલ તમામ UPR ભલામણો પર તેઓની સ્થિતિ સ્પષ્ટ કરવાની જરૂર પડે છે. આપણો UPR પરિણામનો અહેવાલ માર્ચ 2023 માં માનવ અધિકાર પરિષદનાં 52માં સત્રમાં ગ્રહણ કરવામાં આવશે.

6. 5 ઓગસ્ટ 2022 નાં રોજ રજૂ કરવામાં આવેલો ભારતનો રાષ્ટ્રિય અહેવાલ 2017 માં ભારતનાં 3જા UPR ચક્રમાં આપણા દ્વારા સ્વિકારવામાં આવેલી ભલામણોનાં અમલીકરણ સહિત માનવ અધિકારોનાં પ્રચાર અને રક્ષણ તરફનાં આપણા પગલાઓ રેખાંકિત કરે છે. વિભિન્ન હિતધારકો સાથે શ્રેણીબદ્ધ પરામર્શો, ન્યાયપાલીકા, માનવ અધિકાર સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સિલિવ સોસાયટી સંસ્થઆઓ અને જાહેર જનતાનાં પાસેથી પ્રતિનિધિત્વ પ્રાપ્ત કર્યા બાદ, ભારતનો અહેવાલ નેશનલ લો યુનિવર્સિટી, દિલ્હી સાથે ગઠબંધનમાં તૈયાર કરવામાં આવ્યો હતો.

**નવી દિલ્હી**
**09 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.